# વારતા-રસિયાં બાળકો માટેની સ્પે’શલ બસ | ઈશ્વર પરમાર

[**‘છત્રીસ નંબરની બસ’ :** હુંદરાજ બલવાણી, વિ. કુસુમ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૪૦, કિંમત રૂ. ૩૦/-]

‘‘એક હતો રાજા. તેને સાત દીકરીઓ હતી…’’ – આ વારતા કહેતાં નાનીમાને બાળકોએ અટકાવી દીધાં. પછી દાદીમાએ વારતા શરૂ કરી : ‘‘એક હતી પરી અને એક હતો રાક્ષસ…’’ દાદીમા વધુ આગળ કંઈ કહે તે પહેલાં બાળકો કહેવા લાગ્યાં : ‘‘અમને પરીઓ અને રાક્ષસોની વાર્તા પસંદ નથી.’’

આ સંવાદ ‘નાનીમા અને દાદીમા’ નામની વારતાનો અંશ છે. આ વારતા જેમાં સમાવિષ્ટ છે તે પુસ્તક ‘છત્રીસ નંબરની બસ’. આપણા બાળસાહિત્યના જાણીતા લેખક હુંદરાજ બલવાણીનું આ પુસ્તક વિશેષ ધ્યાનપાત્ર એટલા માટે છે કે તેમાંની સાતેય સચિત્ર વારતાઓ નથી રાજાઓની ઓથમાં કે નથી રાક્ષસોની પકડમાં. આ પુસ્તકમાંની વારતાઓનાં નિરાળાં પાત્રો છે : સીટીબસ, પાણીપૂરી ને કોડભરી કીડી. બીજાં માનવપાત્રો પણ છે : સ્વામીજી, પોપટલાલ, નાનીમા-દાદીમા અને બાલવાચકોને તરત ગમે તેવો બાળ ભોલુ !

કુશળ બાળવારતાકાર હુંદરાજ બલવાણીએ સીટીબસ અને પાણીપુરી જેવા ખાદ્યમાં (બંને નિર્જીવ છતાં) માનવીય ભાવોનું એવું સરસ આરોપણ કર્યું છે કે બાળકો એ પાત્ર પર ફિદા જ થાય. બસ કંટાળે, એને ઊંઘ આવે ને ઝોકાં ખાય એટલું જ નહીં પણ તકલીફમાંથી મુક્ત થતાં હાશકારો અનુભવે ને વિચારે પણ ખરી કે ‘લોકોના વર્તનમાં સુધારો ન થાય ત્યાં સુધી કોઈને પણ તકલીફ તો થવાની જ છે.’ એવું જ બીજું પાત્ર તે પાણીપૂરી ફુલાય, પોરસાય ને પાછી પસ્તાય ! ઘમંડી કીડી પણ કોઈનાય સીધા ઉપદેશ વિના પોતે ને પોતે પોતાનું અભિમાન ઓગાળે છે ! બીજાને સહાય કરવા જે સદા તત્પર રહે તે ખરા સંત કે સ્વામી : આ સમજ લેખકે ‘સ્વામીજીની મોટર’ વારતા દ્વારા વાતચીતમાં બાળચિત્ત પર વરસાવી છે. પતંગિયાં પ્રત્યેના પોપટલાલના ખોટા ખેંચાણનું પોલાણ વિકાસ નામનો એક બાળક છતું કરે છે અને પોપટલાલને વૈજ્ઞાનિક માહિતીના હવાલા સાથે સાચો રાહ ચીંધે છે. નાનીમા-દાદીમાને નિમિત્ત કરીને લેખકે બાળકોનું મનોરંજન કરવા ઉપરાંત વાલીઓ અને બાળવારતાકારોને જે સંકેત કર્યો છે તે છેવટે તો બાળકોના હિતનો છે. વારતા ‘અવળી ગંગા’માંનું બાળપાત્ર ભોલુ બાળવાચકોને હસાવતાં હસાવતાં સાસુધારણાનો સંકેત કરે છે.

આ બાળવારતાસંગ્રહમાંની વારતાઓમાં કોઈ ને કોઈ સંદેશ ગૂંથાયેલો છે. ‘છત્રીસ નંબરની બસ’ દ્વારા નાગરિકતાનું ભાન, ‘ફૂલેલી પૂરી’ દ્વારા સ્વ-મૂલ્યાંકનનો ખ્યાલ, ‘પોપટલાલે પતંગિયું પકડ્યું’ દ્વારા જીવદયાનો મહિમા; એમ ‘સ્વામીજીની મોટર’ દ્વારા પરગજુપણાનું પ્રતિષ્ઠા બાળવાચકના ચિત્તમાં કરવાનું લેખકે સફળતાપૂર્વક તાક્યું છે.

લેખકે પોતાના કિશોર-વાચકોને હળવા રાખવામાં અને હસાવવામાં પૂરતું નૈપુણ્ય દાખવ્યું છે. પતંગિયાંને પકડવા દોડતા પોપટલાલ પથ્થર સાથે અથડાયા પછી કોઈ પોતાને જોઈ તો નથી રહ્યું ને તેની ખાતરી કરે છે ! કીડી પોતાનો ડ્રેસ સિવડાવવા માટેના કાપડમાંથી જો ટુકડો બચે તો તેમાંથી હાથી માટે ચડ્ડી સિવડાવવાની કાળજી ધરાવે છે ! બાળકોને વારતા કહેવા માટે ધરખમ તૈયારી કરતાં નાની-દાદી ! ‘અવળી ગંગા’ તો આખેઆખ્ખી મલકાટ સાથે જ બાળવાચકો વાંચશે.

લેખકની માતૃભાષા સિંધી હોવા છતાં તેમના બાળવારતાના લેખનમાં જે સાહજિકતા અને સરળતા છે તે નોંધપાત્ર છે. જીવમાં જીવ આવવો, મોં ઊતરેલું હોવું, રામ રમી જવા, મોટું નામ હોવું – આવા રૂઢિપ્રયોગો થકી રજૂઆતમાં ભાષા-શિક્ષણ અનાયાસ ભળી ગયું છે. બસ-સ્ટૉપ, બેન્ચ, વ્હીલ, હૉસ્પિટલ જેવા અંગ્રેજી શબ્દોનો અનિવાર્ય છતાં સંયમિત પ્રયોગ લેખક કરી શક્યા છે. ‘દશ્ય’ શબ્દનો પર્યાય પ્રયોજવા જેવું ખરું.

બાકી, એમ લેખોને કે ‘છત્રીસ નંબરની બસ’ એટલે વારતા-રસિયાં બાળકો માટેની સ્પે’શલ બસ. એમાં સફર કરનાર બાળકો પામે છે – એકવીસમી સદીમાં બરાબર બંધ બેસતી થાય તેવી બાળવારતાઓ !

r